ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૪/૨૨-૨૩/ 825
તારીખ : 28 APR 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી હેમાંગભાઈ રજનીકાંતભાઈ સંઘવી,**
**ફ્લેટ નં-૨૦૧, પરિવાર-એ,**
**ઘર હો તો એસા કમ્પાઉન્ડ,**
**સુરેન્દ્રનગર**
**જી.સુરેન્દ્રનગર.**

કેસ નં.૯૪/૨૨-૨૩

**મો.નં- ૯૮૭૬૫ ૪૩૭૮૭**

**વિષય : મોટી રકમનું બિલ મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી.ને મળ્યા તા.૩૧/૦૧/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૪/૨૨-૨૩/૪૪૪ તા.૦૧/૦૨/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૪/૨૨-૨૩/૦૭ તા.૨૨/૦૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૩/૦૩/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી-૧, **સુરેન્દ્રનગર.**

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૯૪/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી હેમાંગભાઈ રજનીકાંતભાઈ સંઘવી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજૂઆતની તારીખ:– તા.૦૩/૦૩/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી મનીષભાઈ લલીતભાઈ મહેતા (વાદી ના પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી એચ. પી. રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી હેમાંગભાઈ રજનીકાંતભાઈ સંઘવી, મું.સુરેન્દ્રનગરની મોટી રકમનું બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૪/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૪/૨૨–૨૩/૪૪૪ તા.૦૧/૦૨/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૩/૦૩/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી હેમાંગભાઈ રજનીકાંતભાઈ સંઘવી વતી તેમના પ્રતિનિધિ શ્રી મનીષભાઈ લલીતભાઈ મહેતા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી કાર્યપાલક **ઈજનેર,** વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી હેમાંગભાઈ રજનીકાંતભાઈ સંઘવી, સુરેન્દ્રનગર શહેર–૨ પેટા વિભાગીય કચેરી ખાતે ગ્રાહક નં–૭૨૬૦૭/૦૮૫૦૮/૦ થી ૭ કિ.વો. નું ઘર વપરાશનું વિજ કનેકશન તા.૦૮/૦૫/૨૦૧૪ થી ધરાવે છે.

૧.૨ વાદી ની રજૂઆત છે કે, મીટરમાં ડિસ્પ્લે બંધ હોવા છતાં, મીટર રીડર દ્વારા તા.૦૬/૦૬/૨૦૨૨ ના રોજ ૨૮૧૭ યુનિટનું બિલ રૂા.૨૪,૦૭૩/– વિજ બિલ આપવામાં આવેલ હતું. ત્યારબાદ, બીજું બિલ રૂા.૧૨,૧૦૦/– નું એવરેજ વિજ બિલ આપેલ હતું. જેમાંથી, રૂા.૨૪,૦૭૩/– વિજ બિલ ભરેલ છે અને રૂા.૧૨,૧૦૦/– નું બિલ ભરેલ નથી.

૧.૩ વાદીની રજૂઆત છે કે, ત્યારબાદ મીટર રીડર દ્વારા તા.૦૬/૧૨/૨૦૨૨ ના રોજ જે વિજ બિલ આપેલ તેમાંથી ચાલુ વિજ બિલ પેટે રૂા.૫,૫૮૮/– ભરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૪ વાદીની રજૂઆત છે કે, મીટર ટેસ્ટીગમાં મીટર ચેક કરતા, મીટર ઓવર ગેરંટી હોવાથી, કંપનીમાં મોકલેલ નથી બંધ મીટર ફાસ્ટ રીડીંગ થતા તેનું વિજ બિલ રૂા.૨૪,૦૭૩/– તથા એવરેજ બિલ રૂા.૧૨,૧૦૦/– આપેલ છે. મીટર બદલ્યા પછીનું વિજ બિલ રૂા.૫,૫૮૪/– છે. જે બાબતે વાંધો હોય અરજી આપેલ છે.

૧.૫ મીટર બદલ્યા પહેલાનું વિજ બિલ રૂા.૨૪,૦૭૩/– ભરેલ છે અને રૂા.૧૨,૧૦૦/– નું એવરેજ વિજ બિલ વાંધો હોય, ભરેલ નથી.

૧.૬ રૂા.૨૪,૦૭૩/– ના વિજ બિલમાંથી રાબેતા મુજબના બિલની રકમ બાદ કરીને બાકી રકમ જમા આપવા માટેની રજૂઆત વાદીએ કરેલ છે.

૧.૭ મીટર બંધ હોવા છતાં, એવરેજ બિલ રૂા.૧૨,૧૦૦/– નું બિલ આપેલ છે તે, બિલ સુધારો કરી આપવા રજૂઆત વાદીએ કરેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદીશ્રી હેમાંગભાઈ રજનીકાંતભાઈ સંઘવી ના નામે સુરેન્દ્રનગર શહેર–૨ પેટા વિભાગીય કચેરી ખાતે ગ્રાહક નં–૭૨૬૦૭/૦૮૫૦૮/૦ થી ૭.૦ કિ.વો. નું ઘર વપરાશનું વિજ કનેકશન તા.૦૮/૦૫/૨૦૧૪ થી ધરાવે છે.

૨.૨ મીટર રીડર દ્વારા તા.૦૬/૦૬/૨૦૨૨ ના રોજ વિજ બિલ બનાવવા જતા મીટરમાં રીડીંગ જોતા, ૨૮,૬૪૫ જોવા મળેલ હતા. જેમાંથી પાછળના રીડીંગ ૨૫,૮૨૮ હતા. જેથી મીટરમાં ૨૮૧૭ યુનિટનો વપરાશ થયેલ હતો. જેનું વિજ બિલ રૂા.૨૪,૦૭૩/– ગ્રાહકને આપવામાં આવેલ હતું. જેમાં મીટરની ડિસ્પ્લે ચાલુ હાલતમાં હોય, રીડીંગ જોવા મળેલ હતા.

૨.૩ ત્યારબાદ, મીટર રીડર દ્વારા તા.૦૩/૦૮/૨૦૨૨ ના રોજ વિજ બિલ બનાવવા જતા, મીટરની ડિસ્પ્લે બંધ જોવા મળેલ હતી. જેથી, સપ્લાય કોડ ની શરત ૬.૫૮ મુજબ મીટર રીડર દ્વારા '' F '' નું એવરેજ ૧૪૦૦ યુનિટનું રૂા.૧૨,૧૦૦/૭૮ નું વિજ બિલ આપવામાં આવેલ હતું.

૨.૪ ત્યારબાદ, વાદીએ તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજ પેટા વિભાગીય કચેરી ખાતે અરજી આપતા, તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજ વાદીનું મીટર બદલવામાં આવેલ હતું. તે સમયે મીટરની ડિસ્પ્લે બંધ હોવાથી, રીડીંગ જોવા મળેલ ન હતા.

૨.૫ વાદીનું મીટર તા.૨૨/૦૮/૨૦૨૨ ના રોજ લેબોરેટરીમાં તપાસતા, સદર મીટરમાં પી.ટી.સપ્લાય આપતા, ડિસ્પ્લે બંધ હતી અને ડિસ્પ્લે પર કોઈ પેરામીટર બતાવતા નહી હોવાથી, મીટર ટેસ્ટીંગ થઈ શકે તેમ ન હતું તેમજ મીટર ઓવર ગેરંટીમાં હોવાથી, મીટર કંપનીમાં મોકલી શકાય તેમ નથી તેમ લેબ અધિકારી દ્વારા જણાવેલ છે.

૨.૬ આમ, મીટરમાં ડિસ્પ્લે નહી હોવાથી મીટર રીડર દ્વારા સીસ્ટમ દ્વારા ઓટો ગણવામાં આવતી એવરેજ મુજબ ૧૪૦૦ યુનિટનું વિજ બિલ આપવામાં આવેલ છે.

૨.૭ વાદી ૭.૦ કિ.વો. નું વિજ જોડાણ ધરાવે છે તેમજ ૧૪૫ પી.આર.ટી માં પણ વધુ જોવા મળેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

P.G.V.C.L. Bhavnagar Consumer Grievances Redressal Forum

૨.૮ વાદીનો વિજ વપરાશ મીટર બદલ્યા પછી ૬૩ દિવસમાં ૧૩૭૬ યુનિટ જોવા મળેલ છે. આમ, તેમની એવરેજ મુજબ નોંધાયેલ જોવા મળે છે. જેથી, વાદીને આપવામાં આવેલ વિજ બિલ ભરવાપાત્ર થાય છે. તેમ અમારૂં મંતવ્ય છે. જે આપ સાહેબની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી. હેમાંગ રાજાભાઈ સંઘવી, મુ, સુરેન્દ્રનગર દ્વારા તેમના ઘર વપરાશના બીલમાં પ્રતિવાદીની કચેરી દ્વારા વધારે રકમનું બિલીંગ કરવામાં આવતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા. 03.03.23 ની સુનાવણીમાં બંને પક્ષકારોએ હાજર રહી પોતાની રજુઆતો કરેલ છે.

૩.૩ રજુ થયેલ રેકર્ડ અને રજુઆતો ફોરમને જણાય છે કે, મીટર રીડર દ્વારા તા.૦૬/૦૬/૨૦૨૨ ના રોજ વિજબિલ બનાવવા જતા પ્રતિવાદીના મીટર રીડર દ્વારા રીડીંગ જોતા ૨૮,૬૪૫ જોવા મળેલ હતા. જેમાંથી પાછળના રીડીંગ ૨૫,૮૨૮ હતા. જેથી મીટરમાં ૨૮૧૭ યુનિટનો વપરાશ થયેલ હતો.

૩.૪ ગ્રાહકશ્રી નું તા.૨૨/૦૮/૨૦૨૨ ના રોજ લેબોરેટરી માં તપાસતા સદર મીટરમાં પી.ટી.સપ્લાય માપતા ડિસ્પ્લે બંધ હતી. મીટર ઓવર ગેરંટી માં હોવાથી મીટર કંપનીમાં મોકલી શકાય તેમ નથી.

૩.૫ ગ્રાહક ૭.૦ કિ.વો નું વિજ જોડાણ ધરાવે છે. ગ્રાહકનું ૧૪૫ પી.આર.ટી જોતા વાદીનો વિજ વપરાશ મીટર બદલ્યા પછી ૬૩ દિવસમાં ૧૩૭૬ યુનિટ જોવા મળેલ છે. જે ગ્રાહકના સરેરાશ યુનિટ ૧૪૦૦ યુનિટના વપરાશથી માત્ર ૨૪ યૂનિટ ઓછા છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા ગ્રાહકને આપવામાં અવોલ ૨૮૧૭ યુનિટનું બિલ યોગ્ય છે. અને વાદીએ તે ભરવાપાત્ર છે.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | (ગેરહાજર) | |
| **(શ્રીમતી જે.એમ. મહેતા)** | **(એન.આઈ.ઉપાધ્યાય)** | **(એન.સી.મકવાણા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– 03/03/૨૦૨૩.